


ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે પોલીસ સ્ટેશન અને પ્રાથમિક શાળાના ઉપક્રમે રક્ષાબંધન તેમજ વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ મહિલા સશકિતકરણના ભાગરૂપે આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ચિલોડાની પ્રાથમિક શાળાની ૨૫ બાળાઓએ પી.આઈ. કે.એમ. પ્રિયદર્શી સહિત પોલીસ કર્મીઓના હાથે રાખડી બાંધી હતી. પોલીસ કર્મીઓ દ્વારા બાળાઓને કંપાસની ભેટ આપવામાં આવી હતી. આ ઉપરાંત આ બાળાઓને એફઆઈઆર, કોમ્પ્યુટર રૂમ વગેરેની સમજૂતિ આપી હથિયારોનું પ્રત્યક્ષ નિદર્શન કરાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત પોલીસ કર્મીઓ અને બાળાઓ દ્વારા પોલીસ સ્ટેશનના પટાંગણમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રાથમિક શાળાના શિક્ષણક ગણ પણ ઉપસ્થિત રહ્યા હતાં. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## વડીલોને વંદન

## અભિનંદન



અશ્વિન વી. શાહ

(૧૯૪૭)ફોન: ૨૩૨૨૯૮૬૦

### આજે બાજ ખેડાવાળ જ્ઞાતિજનો જનોઈ બદલશે

ગાંધીનગરના રહીશો બાજખેડાવાળા જ્ઞાતિજનો માટે શ્રી અનિલભાઈ જોષીના ગુરૂપદે જનોઈ બદલવાનો કાર્યક્રમ તા. ૧૦મી ઓગસ્ટ રવિવારે બાલાજી મંદિર, સે-૧૬ ખાતે સવારે ૮.૩૦થી ૯.૩૦ સુધી યોજાશે. ભાગ લેવા માટે બાજખેડાવાળ મંડળના પ્રમુખશ્રીને તા. ૯મી ઓગસ્ટ સુધીમાં નામ નોંધાવાનું રહેશે. અનિલભાઈ જોષીના સ્વહસ્તે તૈયાર કરેલ સુતરનો જનોઈ જોટો આપવામાં આવશે.

### સંરક્ષણ ગૃહની બહેનોએ રક્ષાબંધન મનાવી

અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ જિલ્લા શાખા સંચાલિત નારી સંરક્ષણ ગૃહની બહેનોએ અંધશાળાની મુલાકાત લીધી હતી. બહેનોએ સુરક્ષા વિભાગ સંચાલિત ચિલ્ડ્રન હોમ અને સેકટર-૧૬ અંધશાળામાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી. બહેનોએ બાળકોને રાખડી બાંધી લાંબા આયુષ્યના આશીર્વાદ આપી મોં મીઠું કરાવ્યું હતું. આ પ્રસંગે પ્રમુખ શર્મિષ્ઠાબેન દવે, મંત્રી લીના બહેન મહેતા, કારોબારી સભ્ય સરોજબહેન દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

## શબ્દાવલી - ૫૪૭૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ■ | ૨ | | ૩ | ૪ | ૫ | ■ |
| ૬ | | | ■ | ૭ | | | ૮ |
| | ■ | | ■ | ૯ | | ■ | |
| ■ | ૧૦ | ■ | | ૧૧ | ■ | ૧૨ | |
| ૧૩ | | | | ■ | ૧૪ | | |
| ■ | | ■ | ૧૫ | | ■ | | ■ |
| ૧૬ | | ૧૭ | | ■ | ૧૮ | | ૧૯ |
| | ■ | | ■ | ૨૦ | | | |

### આડી ચાવી

૨. પાલનકર્તા, પાલન આપનાર (૫)
૬. સ્થિતિ, હાલ (૩)
૭. કચકચ, બડબડ (૪)
૯. ખરલ, વાટવાનું સાધન(૨)
૧૧. ઓવારો, આરો (૨)
૧૨. સબ્જી, બકાલુ (૨)
૧૩. એક જગ્યાએથી બીજી જગ્યાએ વસ્તુ મોકલવા તૈયાર કરાતું પેકેટ (૪)
૧૪. પ્રપંચ, કાવતરુ (૩)
૧૫. ટેબલ (૨)
૧૬. અવાજ, ઘોંઘાટ (૪)
૧૮. ચીભડાની ચીપ્સ કરીને સૂકવણી કરે તે (૩)
૨૦. એક જાતનો અઘોરી બાવો (૪)

### ઊભી ચાવી

૧. મોકો, સારી તક (૩)
૨. પાપ કર્મ (૩)
૩. ટીખળી (૪)
૪. હાક, બોલાવવા પડાતી મોટી બુમ (૩)
૫. એક વાતની હઠ, જીદ (૨)
૮. માપોમાપ, જરા પણ વધારે નહિ (૪)
૧૦. મૂળીયાનું એક અથાણું(૪)
૧૧. ઉપાચત, આઘુપાછું (૪)
૧૨. માછલીની એક જાત (૫)
૧૬. દુઃખની લાગણી (૨)
૧૭. વાંક (૨)
૧૮. ચીરા (૨)
૧૯. લીકેજ, .... થવું (૨)

### શબ્દાવલી ૫૪૭૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) ઉસુલ (૩) મખમલ (૬) ણપ (૭) શપથ (૮) પર્ણ (૯) શોક (૧૦) રાવ (૧૨) ખાઉધરૂ (૧૪) વદી (૧૬) તક (૧૭) નેટીવ (૧૮) પતરા (૨૦) પશ (૨૧) જરાય (૨૨) નાનક (૨૪) પણ (૨૫) હલર

**ઊભી ચાવી :-** (૧) ઉણપ (૨) સુપર્ણખા (૩) મશકરૂ (૪) ખપ (૫) મથરાવટી (૯) શોધક (૧૧) વહીવટી (૧૩) ઉતરાયણ (૧૫) ઉપજ (૧૭) નેશનલ (૧૯) તરાપ (૨૦) પનાહ (૨૩) કર

# ઊંઝામાં નાણાંની ઉઘરાણી બાબતે યુવાનની હત્યા

ઊંઝા, તા.૯

ગઈ રાત્રે ઊંઝા ખાતે વિસનગર રોડ પરના રેલવે ફાટક પાસે આવેલ જૈન અસ્ટેટના ધાબા ઉપર એક યુવાને નાણાંની ઉઘરાણી કરતાં ઉશ્કરાયેલ સામાવાળા શખ્સે અચાનક યુવાન પર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરીને તેનું મોત નિપજાવ્યું હોવાનો ચોંકાવનારો બનાવ બનતાં સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી મચી જવા પામી છે.

પોલીસના જણાવ્યા મુજબ ઊંઝા ખાતે દાસજ રોડ પર આવેલ આર્શીવાદ પાર્કમાં રહેતા જીગ્નેશકુમાર પ્રહલાદભાઈ પટેલ (ઉ.વ.૨૮) શહેરમાં દાતરડી સ્કૂલ પાસે રહેતા પટેલ મેહુલ ઉર્ફે ઘંટી માધવલાલ પાસે રૂપિયા છ હજારની ફોન પર ઉઘરાણી કરી હતી જેથી બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. બાદ નાણાંની માગણી કરનાર યુવાન અને ફરિયાદી બંને જણા રાતના સમયે જૈન એસ્ટેટના ધાબા પર ગયા હતા. જયાં જીજ્ઞેશ અને મેહુલ વચ્ચે નાણાંના પ્રશ્ને ઝપાઝપી થઈ હતી.

આ સમયે ઉશ્કેરાયેલા મેહુલે અચાનક તિક્ષ્ણ હથિયાર વડે જીજ્ઞેશ પર હિંસક હુમલો કરતાં તેને છાતીના ભાગે ગંભીર ઈજાઓ થતાં નીચે ઢળી પડયો હતો. આથી ગભરાઈ ગયેલ મહેલ અને ફરિયાદી બંને જણાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત જીજ્ઞેશને સ્થાનિક હોસ્પિટલમાં લઈ ગયા હતા જયાં ફરજ પરના તબીબે યુવાનને મૃત જાહેર કર્યો હતો. આ સાંભળીને હત્યારો હોસ્પિટલમાંથી ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે પ્રદિપકુમાર ઉર્ફે પ્રકાશ રમેશભાઈ ચૌધરીની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે મેહુલ પટેલ વિરૂદ્ધ ખુનનો ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. શહેરમાં નાણાંની ઉઘરાણીની બાબતમાં પાટીદાર યુવાનનું ખૂન થતાં ભારે ચકચાર મચી જવા પામી છે.

# પાલનપુર પાસેના ચડોતર ગામે રક્ષાબંધન એક દિવસ વહેલા ઉજવાય છે

પાલનપુર, તા. ૯

બનાસકાંઠા જિલ્લાના મુખ્યમથક પાલનપુરથી માત્ર પાંચ કિલોમીટરના અંતરે ડીસા હાઈવે પર આવેલ ચડોતર ગામમાં રક્ષાબંધનનો તહેવાર તેની નિયત તિથી કરતા એક દિવસ વહેલો ઉજવવામાં આવે છે. ઘણા વર્ષો પૂર્વે ચડોતર ગામમાં રોગચાળો ફેલાતા તેમાંથી ઉગારવા ગામના મહંતે રક્ષાબંધન એક દિવસ વહેલા ઉજવવા જણાવ્યું હતું ત્યારથી આ પ્રથાને ગ્રામજનોએ આજ દિન સુધી જાળવી છે.

સમગ્ર દેશમાં રક્ષાબંધનના પવિત્ર પર્વની ઉજવણી તા. ૧૦મી ઓગસ્ટ રવિવારે કરવામાં આવશે, પરંતુ ભાઈ-બહેનના પવિત્ર સંબંધના આ તહેવારની ઉલ્લાસ અને ઉમંગ સાથે પાલનપુરના ચડોતર ગામે આજે ઉજવણી કરાઈ હતી. આ ગામની બહેનોએ આજે પોતાના વ્હાલસોયા ભાઈઓના હાથે રાખડી બાંધી તેમના દિર્ઘાયુ માટે પ્રાર્થના કરી હતી. આ ગામના ગ્રામજનો રક્ષાબંધન એક દિવસ વહેલી ઉજવે છે તેના પાછળનું કારણ ગામના સરપંચ અને મંદિરના પુજારીએ જણાવતા કહ્યું હતું કે આશરે ત્રણસો વર્ષ પહેલા ચડોતર ગામમાં ભયંકર મહામારી ફેલાતા ગ્રામજનો ગામના મહંત પાસે ગયા હતા ત્યારે મહંતે ગામની દીકરીઓને રક્ષાબંધન કરવા એક દિવસ વહેલી બોલાવવા જણાવ્યું હતું. તે વખતે એક દિવસ વહેલા રક્ષાબંધન ઉજવાતા થોડાક જ દિવસમાં રોગચાળો દૂર થયો હતો. ત્યારથી ચડોતરના ગ્રામજનોએ રક્ષાબંધનનો તહેવાર એક દિવસ વહેલો ઉજવવાનો શિરસ્તો જાળવી રાખ્યો છે.

### મોડાસાની બીએડ્ કોલેજમાં રક્ષાબંધનની ઉજવણી

મોડાસા, તા. ૯

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે લલીતાબા સોની બીએડ. કોલેજમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કોલેજની વિદ્યાર્થીનીઓએ પોતાના વર્ગમાં સહ અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈઓને રાખડી બાંધી શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પવિત્ર તહેવારની ઉજવણીની કોલેજના આચાર્યા ડૉ. છાયાબેન ડામોરે અધ્યાપકો તથા સ્ટાફમિત્રોને રાખડી બાંધી શરૂઆત કરાવી હતી. આ ઉજવણી માટે ડ્રો સીસ્ટમ દ્વારા વિદ્યાર્થીઓની પસંદગી કરીને વિદ્યાર્થીનીઓએ રાખડી બાંધી હતી. આ કાર્યક્રમમાં બાઈ-બહેનના સ્નેહ અને રક્ષાબંધનના પર્વને લગતા ગીતો તેમજ વ્યક્તવ્યો પણ રજૂ કરાયા હતા.

### સ્નેપડીલ. કોમ, સતયુગ ગોલ્ડ સાથે સહયોગમાં શિલ્પા શેટ્ટી કુંદ્રા દ્વારા ડિઝાઈન કરાયેલી જ્વેલરીની શ્રેણી લોન્ચ કરશે

ભારતના સૌથી વિશાળ ઓનલાઈન બજારસ્થળ સ્નેપડીલ. કોમે શિલ્પા શેટ્ટી કુંદ્રા ડિઝાઈન કરાયેલા જ્વેલરીના કલેક્શનની રેન્જ વેબસાઈટ પર ખાસ લોન્ચ કરવા માટે સતયુગ ગોલ્ડ સાથે વ્યૂહાત્મક ભાગીદારી કરી છે. ભાગીદારી મારફત ફેશન જ્વેલરી અને એસેસરીઝ માટે સૌથી વિશાળ ઓનલાઈન શોપિંગ સ્થળમાંનું એક સ્નેપડીલ. કોમ દેશભરના ૫૦૦૦ થી વધુ શહેરો અને મહાનગરોમાં તેના ૨૫ મિલિયનથી વધુ ઉપભોકતાઓને સતયુગ જ્વેલરી કલેક્શન પુરૂ પાડશે. સતયુગ ગોલ્ડ ભરોસો, ઈમાનદારી અને કામમાં સંપૂર્ણ વફાદારી માટે જ્ઞાત સ્ટાર બોલીવૂડની અભિનેત્રી અને વેપાર સાહસિક શિલ્પા શેટ્ટી કુંદ્રા દ્વારા પ્રમોટ કરાયેલી ગોલ્ડ બુલિયન એન્ડ જ્વેલરી કંપની છે. સ્નેપડીલ. કોમના ફેશનના વીપી અમિત મહેશ્વરીએ જણાવ્યું કે ઈ-કોમર્સમાં જ્વેલરી સૌથી ઝડપથી વૃદ્ધિ પામતી શ્રેણીમાંથી એક છે. સતયુગ ગોલ્ડ વેપારમાં નામાંકિત નામ છે અને તેથી વેબસાઈટ પર અમારા ૨૫ મિલિયનથી વધુ ઉપભોકતાઓ માટે શિલ્પા શેટ્ટી કુંદ્રા દ્વારા તૈયાર કરાયેલી જ્વેલરી કલેક્શનની રેન્જ ખાસ લોન્ચ કરવાની બેહદ ખુશી થઈ રહી છે.

### આરટીઆઈ મેડીકલ પ્રેક્ટીસ ક્ષેત્રે જરૂરી દર્દીના હકો અને જવાબદારીઓ

૨૧મી સદી એ જ્ઞાન અને માહિતીની સદી છે. અનેક સરકારી અને બિનસરકારી સંસ્થાઓમાં આરટીઆઈનો અમલ સારી રીતે થયો છે અને તેને કારણે નાગરિકોમાં પોતાના અધિકાર અંગે જાગૃતિ ફેલાઈ છે.

મેડીકલ પ્રેક્ટીસના ક્ષેત્રમાં પણ આરટીઆઈ ખુબ મહત્વનું છે. સદીઓથી લોકો ડોક્ટર્સને ભગવાનની જેમ પૂજે છે અને પોતાની બિમારી કે પોતાને અપાઈ રહેલી સારવાર અંગે ડોક્ટડર્સને ક્યારેક કોઈ સવાલો પુછતા નથી.

આરટીઆઈ મુખ્યત્વે બે કારણોસર મહત્વનું છે. (૧) ઊંટવૈદા : દરેક વ્યવસાયની જેમ મેડીકલ વ્યવસાયમાં પણ એવા ઊંટવૈદાઓ પણ હોય છે કે જેઓ કોઈ પણ જાતના જ્ઞાન કે મેથડ વિના દર્દીઓની સારવાર કરે છે. મેડીકલ ક્ષેત્રમાં દરરોજ કોઈને કોઈ નવી શોધ થતી હોય છે. દરેક દર્દીને એ જાણવાનો મૂળભુત અધિકાર છે કે તેને કયો રોગ છે અને નિદાન તથા સારવાર માટેનાં કયા કયા વિકલ્પો ઉપલબ્ધ છે. (૨) વિજ્ઞાન પ્રગતિ કરી રહ્યું છે અને પુરાવા આધારિત મેડીકલ ટ્રીટમેન્ટ સ્વીકારાઈ હોવાથી દરેક દર્દીને એ જાણવાનો અધિકાર છે કે તે કયા સંભવિત રોગનો ભોગ બન્યો છે. સારવારના કયા વિકલ્પો ઉપલબ્ધ છે. એક ઉદાહરણ લઈએ : મોતિયો ધરાવતો કોઈ દર્દી આંખના સ્પેશ્યાલિસ્ટને ત્યાં જાય તો તેને રૂટિન કેટરેકટ સર્જરી ઉપરાંત ફએકો સર્જરી અંગે સમજણ આપવી જોઈએ.

### અમિત શાહની ટીમમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આમ અમિત શાહની નવી ટીમમાં ગુજરાતના કોણ-કોણ હસે તે અંગે તરેહ-તરેહની અટકળો વહેતી થઈ છે.

ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રીય પરિષદની આજે નવી દિલ્હીના જવાહરલાલ નહેરુ સ્ટેડીયમ ખાતે મળેલી મહત્વની બેઠકમાં અમિત શાહની પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ તરીકે થયેલી વરણીને બહાલી આપવામાં આવી હતી. નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા બાદ મળેલી આ પ્રથમ રાષ્ટ્રીય પરિષદ ઉપર તમામ રાજકીય પક્ષો તથા મીડીયાની નજર હતી આ પરિષદમાં મોદી સરકારની કામગીરીના લેખા જોખા રજુ થયા હતા અને કેન્દ્ર સરકારની ભવિષ્યની યોજના તથા રણનીતિને દર્શાવતા રાજકીય તથા આર્થિક પ્રસ્તાવથી ભારત દેશ કઈ દિશા તરફ ગતિ કરશે તેવા સંકેતો સ્પષ્ટ થયા હતા. આ પરિપેક્ષ્યમાં નરેન્દ્ર મોદીના લાગણીની પણ એકંદરે સર્વત્ર નોંધ લેવાઈ હતી. જ્યાં બીજી તરફ અમિત શાહની પ્રમુખ તરીકેની સરકારને બહાલી મળ્યા બાદ હવે ખુબ જ ઝડપથી પક્ષના રાષ્ટ્રીય સંગઠનની નવી ટીમની જાહેરાત થઈ જશે. જેમાં ગુજરાતના બે થી ત્રણ વરિષ્ઠ નેતાઓ ઉપરાંત જે રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવી રહી છે તેવા બિહાર, ઝારખંડ, મહારાષ્ટ્ર વગેરે રાજ્યોને પક્ષના રાષ્ટ્રીય સંગઠનમાં વધુ પ્રતિનિધિત્વ આપી કાર્યકરોમાં જોમ અને જુસ્સો પુરવાના પ્રયાસ કરવામાં આવશે. ભાજપના પૂર્વ રાષ્ટ્રીય પ્રમુખ રાજનાથસિંગના બાકી રહેલા બે વર્ષના કાર્યકાળ માટે અમિત શાહની વરણી થઈ હોવાથી હવે આવી રહેલી વિધાનસભાની ચૂંટણીઓમાં અમિત શાહની રાષ્ટ્રીય પ્રમુખ તરીકેની કસોટી થઈ જશે. ગુજરાતના રાજકારણમાં અને હિન્દી ભાષી અથવા ઉત્તર પૂર્વના રાજ્યોના રાજકારણમાં ખૂબ તફાવત છે. ઉત્તર પ્રદેશમાં મહત્તમ બેઠકો લાવવાનો શ્રેય ખુબ જ ગણતરીપૂર્વક અમિત શાહને આપવામાં આવ્યો છે. બાકી લોકસભાની ચૂંટણીમાં તો નરેન્દ્ર મોદીનું જ સ્ટ્રીમ રોલર ફરી વળ્યું હતું અને અનેક રાજ્યોમાં કોંગ્રેસને સમ ખાવા પુરતી એક પણ બેઠક મળી ન હતી. પરંતુ ઉત્તરપ્રદેશના જશ અમિત શાહને આપી નરેન્દ્ર મોદીએ ઉત્તરપ્રદેશની વિધાનસભાની ચૂંટણીને ખૂબ જ ચતુરાઈપૂર્વક નિશાન બનાવી હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

# વિશિષ્ટાંગ બાળકોના વાલીઓની પ્રશિક્ષણ વર્કશોપ યોજાઈ

### ઓટીઝમનો ભોગ બનેલ કિંજલ ઝાલાએ પ્રાર્થના અને ગીતો ગાઈ વાલીઓને ભાવ વિભોર કર્યા : વાલીઓને વિશિષ્ટ બાળકોના ઉછેર માટે તજજ્ઞો દ્વારા તાલીમ અપાઈ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લા પંચાયત અને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે તા. ૫મી ઓગષ્ટે આંગણવાડી દ્વારા પ્રમાણિત થયેલા વિકલાંગ બાળકોના માતા પિતાના પ્રશિક્ષણની કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપ સવારે ૧૦થી સાંજના ૪ વાગ્યા સુધી ચાલ્યો હતો. જેમાં વિકલાંગ બાળકોની નિષ્ણાંત તબીબો દ્વારા આરોગ્ય વિષયક તપાસ પણ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી મેકવાન, ચિલ્ડ્રન્સ યુનિવર્સીટીના કુલપતિ હર્ષદભાઈ શાહ, જિલ્લા પંચાયતના પ્રોગ્રામ ઓફિસર છાયાબેન ઉપાધ્યાય તેમજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સલાહકાર જયોતિબેન થાનકી વગેરે ઉપસ્થિત રહ્યા હતાં. જયોતિબેન થાનકીએ 'અપંગના ઓજસ' વિષય પર પ્રેરક ઉદબોધન કર્યુ હતું. તેમણે બાળકોની અંદર રહેલી વિશિષ્ટ શકિતના વિકાસ દ્વારા એના જીવનને નવી દિશા આપવા વાલીઓને અનુરોધ કર્યો હતો. જિલ્લા વિકાસ અધિકારી મેકવાન સાહેબે આ વિશિષ્ટ બાળકોના વિકાસમાં પ્રેમ, શ્રધ્ધા અને સેવા દ્વારા તેમના જીવનને મહાન બનાવવા શીખ આપી હતી.

આ કાર્યક્રમમાં વાલીઓને ચાર જુથમાં વહેંચવામાં આવ્યા હતા જેમાં મંદબુધ્ધિ, પ્રજ્ઞાચક્ષુ વિશિષ્ટાંગ અને મુકબધિર એમ બાળકો મુજબના જુથનો સમાવેશ થાય છે. આ રીતે તેમને વિશિષ્ટ બાળકો સાથે કેવી રીતે વર્તવું, કેવી રીતે ઉછેરવા, ભાવાત્મક વિકાસ કરતા કરતા કઈ રીતે શારીરિક, માનસિક અને બૌદ્ધિક વિકાસ તે અંગે દશ્ય શ્રાવ્ય માધ્યમ દ્વારા સમજાવાયું હતું. બપોર પછીના કાર્યક્રમમાં ઓટીઝમનો ભોગ બનેલ બાળા કિંજલ ઝાલાએ સુંદર પ્રાર્થના અને ગીત ગાયા હતાં. દૃષ્ટિનો સીધો સંપર્ક ન કરી શકતી કિંજલ વાંચી પણ શકતી નથી છતાં તેની બે સીડી પ્રકાશિત થઈ છે તે મુખ્યમંત્રીને અર્પણ કરવા અપાઈ હતી.

આ કાર્યક્રમમાં હાજર તમામ લોકોને તમાકુ, ગુટકા જેવા વ્યસનોથી દુર રહેવા અનુરોધ કરાયો હતો. આ કાર્યક્રમમાં આ ક્ષેત્રે વીસ વર્ષથી કાર્યરત ભાવનગર અને રાજકોટથી વિશેષ તજજ્ઞો પણ ઉપસ્થિત રહ્યા હતાં.

# સમર્પણ કોલેજ ખાતે ચલો કોલેજ અભિયાન

ગાંધીનગર, તા. ૯

કોલેજમાં પ્રવેશ માટેની રાજ્ય સરકાર પ્રેરિત 'ચલો કોલેજ અભિયાન-૨૦૧૪' પ્રવેશોત્સવ ગાંધીનગરની સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સે. ૮ ખાતે તા. ૬ ઓગસ્ટે સવારે ૧૦ વાગ્યે યોજાઈ ગયો.

'ચલો કોલેજ અભિયાન-૨૦૧૪' પ્રવેશોત્સવ અંતર્ગત કોલેજ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં જૂના વિદ્યાર્થીઓ દ્વારા તથા પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા નવો પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓનું તિલક કરીને સ્વાગત કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા સરકારી વાણિજય કોલેજ, ગાંધીનગરના આચાર્યશ્રી એસ.જી. દેસાઈ, સરકારી પોલિટેકનીક કોલેજ, અમદાવાદના આચાર્યશ્રી બી.જી. ભાખર, કેસીજી રીસર્ચર સુશ્રી જયતિ બ્રહ્મભટ્ટના હસ્તે કોલેજના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓનું કુમકુમ તિલક કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમર્પણ કોલેજના પૂર્વ આચાર્યશ્રી અને સંસ્થાના ટ્રસ્ટીશ્રી કિશોરભાઈ સોલંકીએ મહેમાનોનું સ્વાગત કર્યુ હતું અને વાઈસ પ્રિન્સિપાલશ્રી દિપક પંડ્યાએ આભારવિધિ કરી હતી.

કાર્યક્રમ દરમ્યાન વિદ્યાર્થીઓને સપ્તધારા અંતર્ગત ચાલતી વિવિધ અભ્યાસકીય, સાંસ્કૃતિક, સામાજિક, બૌદ્ધિક પ્રવૃત્તિઓ વિશે દ્રશ્ય માહિતી પુરી પાડવામાં આવી હતી.

### ભારતીય મહિલા બેંકે કોર બેંકિંગ સિસ્ટમ ઈનીશિએટીવ એવોર્ડ-૨૦૧૪ જીત્યો

ભારતીય મહિલા બેંક લિમિટેડે વર્ષ-૨૦૧૪નો કોર બેંકિંગ સિસ્ટમ ઈનીશિએટીવ એવોર્ડ જીત્યો છે. આ પુરસ્કાર એશિયન બેંકિંગ એન્ડ ફાઈનાન્સ રીટેલ બેંકિંગ એવોર્ડસ-૨૦૧૪ અંતર્ગત આપવામાં આવ્યો હતો. શ્રીમતિ ઉષા અનંત સુબ્રમણ્યમે જણાવ્યું હતું કે બેંકે પ્રથમ દિવસથી જ કોર બેંકિંગ સમાધાન અને એટીએમ સાથે તેની શરૂઆત કરી હતી અને ભારતીય મહિલા બેંકનું લાઈસન્સ મળ્યાના બે મહિનાની અંદર આ બધુ મેળવી લીધું હતું. બેંકની શરૂઆત ૧૯ નવેમ્બર, ૨૦૧૩ના રોજ થઈ હતી. બેંકની લગભગ બધી જ પ્રક્રિયાઓ સ્વચાલિત કરી છે અને ટુંક સમયમાં ઈન્ટરનેટ બેંકિંગ અને મોબાઈલ બેંકિંગ સેવા શરૂ કરશે.

### આજે રક્ષાબંધન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પર્વની ઉજવણીનો ઉત્સાહ બેવડાયો છે. ભારતીય સંસ્કૃતિમાં આ પર્વનું વિશેષ મહત્વ છે. રાખીના તાંતણે બંધાયેલી શ્રધ્ધા અને ભકિતના સથવારે બહેન ભાઈને રક્ષા બાંધે છે. મીઠાઈથી મોં મીઠુ કરાવ્યા બાદ આ દિવસે બહેનને વિશેષરૂપે ભેટ સોગાદ આપવામાં આવે છે.

આમ રાખી, ભેટ સોગાદ અને મીઠાઈ આ પર્વની ઉજવણીમાં વિશેષ બની રહે છે. બજારમાં રક્ષાબંધનને લઈ અવનવી ગીફટનું વેચાણ પણ વિશેષરૂપે થાય છે. જયારે નગરના ધર્મસ્થાનોમાં પણ દર્શનાર્થીઓની ભીડ જામશે. રવિવારે રક્ષાબંધન હોવાથી આ વખતે રાખી પર્વનો ઉત્સાહ પણ બમણાયો છે. રક્ષાબંધનના દિવસે બ્રાહ્મણો જનોઈ પણ બદલે છે. જેને અનુલક્ષી સે-૧૬ સ્થિત સોમનાથ મહાદેવ બ્રહ્મભવન ખાતે રવિવારે સવારે ૮ વાગે સમૂહ જનોઈ બદલવાનો કાર્યક્રમ યોજવામાં આવશે. બ્રાહ્મણોને પિતાંબર તેમજ પૂજાના વાસણ અને આસન સાથે લાવવા પણ જણાવાયું છે.

### ઓળખ ઉભી કરાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

થકી આ તાલુકાની એક આગવી ઓળખ હોય છે.

આથી તાલુકાકક્ષાએ જ્યારે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે ત્યારે આવી બાબતોને પ્રાધાન્ય આપીને તે બાબત પર ફોકસ કરીને કાર્યક્રમોનું આયોજન કરવા માટે સૂચનાઓ આપવામાં આવી છે.

આવું કરવાથી તાલુકાના લોકોને આવા કાર્યક્રમોમાં પોતાપણાનો અનુભવ થાય આવા તાલુકાની ઓળખ સુનિશ્ચિત કરવાની કામગીરી સંબંધિત પ્રભારી સચિવશ્રીઓના પરામર્શમાં રહીને કરવા માટેની સામાન્ય વહીવટ વિભાગને સૂચનાઓ આપવામાં આવી છે.

આ સૂચનાઓને પગલે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા દરેક જિલ્લાઓ પાસેથી કયા કયા તાલુકાઓ કઈ કી બાબતોમાં આગવી ઓળખ ધરાવે છે તે અંગેની વિગતો મંગાવીને એક કાર્યયોજના ઘડવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.


**સ્વજલધારા કાર્યક્રમ**

**જળ અને સ્વચ્છતા સમિતિ -સોમનાથ નગર (કુ.) તાલુકો-કાંકરેજ**

સોમનાથ નગર (કુ.) ગોળીયા મુકામે સ્વજલધારા યોજના હેઠળ નીચે મુજબના કામો માટેના ભાવો માન્ય કોન્ટ્રાક્ટરો પાસેથી માંગવામાં આવે છે. કામની કુલ અંદાજીત કામની સામે દર્શાવેલ છે. કોરા ટેન્ડર પાણી સમિતિ સોમનાથ નગર (કુ.) દ્વારા તા. ૧૪-૮-૨૦૧૪ સુધીમાં જરૂરી ટેન્ડર ફી, રજીસ્ટ્રેશન નકલ, રાષ્ટ્રીયકૃત બેંકનું સોલવંશી પ્રમાણપત્ર આપવાથી ઈસ્યુ કરવામાં આવશે અને ભાવ ભરી રજી.પો.એ.ડી.થી તા. ૨૧-૮-૨૦૧૪ સુધીમાં જળ અને સ્વચ્છતા સોમનાથ નગર (કુ.) તાલુકો કાંકરેજને પરત મોકલવાના રહેશે. કરેલ કામગીરીનું ૯૦% ચુકવણું પાણી સમિતિ દ્વારા કરવામાં આવશે. બાકી રહેલ ૧૦% રકમનું ઓડીટ બાદ ચુકવણું કરવામાં આવશે. માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com

| અ. નં. | કામનું નામ | ૧) અંદાજીત રકમ<br>૨) ટેન્ડર ફી રૂ.<br>૩) શ્રેણી |
|---|---|---|
| ૧ | સોમનાથ નગર (કુ.) તાલુકો : કાંકરેજ સ્વજલધારા યોજના હેઠળ પાઈપલાઈનું કામ | ૧) રૂ. ૩,૫૫,૫૦૦.૦૦<br>૨) રૂ. ૬૦૦.૦૦<br>૩) ઈ-૨ ક્લાસ તથા ઉપર |
| ૨. | સોમનાથ નગર (કું.) તાલુકો : કાંકરેજ સ્વજલધારા યોજના હેઠળ બોર પર પંપીંગ મશીનરી અને હવાડાનું કામ. | ૧) રૂ. ૩,૩૩,૬૧૯.૦૦<br>૨) રૂ. ૬૦૦.૦૦<br>૩) ઈ-૨ ક્લાસ તથા ઉપર |

ક્રમાંક : નામાનિ/પાલન/૨૨૩/૨૦૧૪-૨૦૧૫


### અચ્છે દિન આને વાલે હૈ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

કાંઈ ખાસ થઈ શક્યુ નથી. જ્યારે છેલ્લા ઘણા સમયથી રજુ થતા રેલ બજેટના અંતે પણ ગાંધીનગરાઓને માત્ર નિરાશા જ સાંપડી છે. હાલની સ્થિતિએ સ્ટેશન પરની રોજની ચાર ટ્રેઈનોની અવર-જવર છે ત્યારે પાટણ-આબુરોડની મેમી-ડેમુ સહીતની વિવિધ ટ્રેઈનો વાયા ગાંધીનગર ડાયવર્ડ કરવા પણ સતત માંગણીઓ થતી રહી છે. અત્યાર સુધી કેન્દ્રમાં યુ.પી.એ.ની સરકાર હોવાથી ગાંધીનગરને અન્યાય થતો હોવાનો સૂર પણ ઉઠવા પામ્યો હતો. પરંતુ મોદી સરકારના પ્રથમ રેલવે બજેટના અંતે પણ કેપીટલ સ્ટેશનના પોકેટમાં કાંઈ ન આપતા રેલવે સ્ટેશનના વિકાસ સામે ફરી સવાલ ખડો થયો છે. આવા સંજોગોમાં રેલવે માટે સતત પત્ર વ્યવહારો કરી રજૂઆતોના દૌર હાંકતી સંસ્થાઓના આગેવાનો પણ ચિંતામાં ગરકાવ થયા છે. કેપીટલ સ્ટેશન પર યાત્રિકોલક્ષી સુવિધાઓ પણ ઉભી થઈ નથી. જ્યારે ગાંધીનગર રેલવેસ્ટેશનની પટરીઓ પર ટ્રેઈનનો ધમધમાટ થાય તે માટે ગુજરાત સરકારે પણ કેન્દ્ર મંત્રાલયને યોગ્ય રજૂઆત કરી છે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ગાંધીનગરને નવી ટ્રેઈન ફાળવવા રેલવે મંત્રીને રજૂઆત કરી છે. જેથી હવે તબક્કાવાર કેપીટલ સ્ટેશનનો યોગ્ય વિકાસ થશે તેવી ઉજ્જવળ સંભાવના છે.


**જાહેર સુચના**

**પાટનગર યોજના વિભાગ નં.૧, ગાંધીનગર.**

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ નં.૧, 'બી' બ્લોક, પહેલો માળ, પાટનગર યોજના ભવન, સેક્ટર નં.૧૬, ગાંધીનગર - ૩૮૨ ૦૧૬ (ફોન નં. ૨૩૨૫૯૨૬૪)ની કચેરીએથી ગાંધીનગર શહેરમાં (૧) સેક્ટર-૧૧માં ચ-૩ પાસેનું ખૂણા પરનું મેદાન (૨) સેક્ટર નં.૧૧, શાલીન કોમ્પલેક્ષ સામેનું મેદાન, (૩) સેક્ટર નં.૧૭માં ગુલાબ ઉદ્યાન પાસેનું મેદાન (૪) સેક્ટર નં. ૬/ડીમાં પેટ્રોલ પંપ પાસોની ખુલ્લી સરકારી જમીન નવરાત્રિ મહોત્સવ-૨૦૧૪ માટે સરકારશ્રી નક્કે કરે તે મુજબના નિયત ભાડાથી ટૂંકી મુદત માટે ભાડેથી આપવા માટે ગાંધીનગરમાં નોંધાયેલ અને રહેતા રસ ધરાવતી સંસ્થાઓ / અરજદારો પાસેથી તા. ૨૨/૮/૨૦૧૪ સુધીમાં અત્રેની કચેરીએ મળી જાય તે રીતે રજી.પો.એ.ડી.થી અરજીઓ મંગાવવામાં આવે છે. સદર અરજીના કવર પર જે સ્થળની જમીન માંગવામાં આવેલ હોય તેનું 'સેક્ટર નં. ........................ ના મેદાનની નવરાત્રિ મહોત્સવ-૨૦૧૪ની અરજી' એમ સ્પષ્ટપણે દર્શાવવાનું રહેશે. શકય હશે તો આવેલ અરજીઓ તા. ૨૫/૮/૨૦૧૪ના રોજ બપોરના ૧૨.૦૦ કલાકે હાજર રહેલ અરજી કરનાર સંસ્થા / વ્યક્તિના અધિકૃત પ્રતિનિધિની હાજરીમાં અત્રેની કચેરી ખાતે ખોલવામાં આવશે. એક જ સ્થળ માટે એક કરતાં વધુ અરજીઓ આવશે તો તે જ દિવસે બપોરના ૧૨.૩૦ કલાકે જ ડ્રો પણ કરવામાં આવશે.

અરજદાર સંસ્થા / વ્યક્તિએ બાનાની રકમ રૂ. ૨૫,૦૦૦.૦૦ (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા)ની કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ નં.૧, ગાંધીનગરના નામની રાષ્ટ્રીયકૃત બેંકની એફ.ડી.આર. અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. બાનાની રકમ (એફ.ડી.આર.) સિવાયની અરજી ડ્રો / ફાળવણી માટે ધ્યાને લેવામાં આવશે નહીં.

ઉપર દર્શાવેલ સ્થળનો વિસ્તાર તેમજ નિયમોની વિગતો કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. એક વ્યક્તિ / સંસ્થા તમામ સ્થળ માટે અરજી શકશે પરંતુ ફાળવણી એક જ સ્થળની કરવામાં આવશે. અને ડ્રોમાં એક કરતાં વધુ સ્થળ લાગશે તો ગમે તે એક જ સ્થળની પસંદગી કરી તુરત જ લેખિત સંમતિપત્ર આપવાનો રહેશે.

તો રસ ધરાવતા ગાંધીનગર શહેરનાં જ અરજદારો / સંસ્થાઓએ કચેરીના ચાલુ કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન રૂબરૂમાં સંપર્ક કરવા વિનંતી.

માહિતી/૯૪૧/૧૪-૧૫